ગુજરાત રાજય અન્ન આયોગ,
ગાંધીનગરની કચેરીના અધ્યક્ષશ્રીનો
પગાર નકકી કરવા બાબત

ગુજરાત સરકાર
ક્રમાંકઃ મકમ/૧૦-૨૦૧૯/૪૨૭/ક-૧
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૩/૧૦/૨૦૧૯

વંચાણે લીધા :-

(૧) આ વિભાગના તા.૨૧/૩/૧૭ ના જાહેરનામા ક્રમાંક : GTH/2017/11/PDS/10-2016/1667/C-1
(૨) આ વિભાગના તા.૨૯/૭/૧૯ ના જાહેરનામા ક્રમાંક : GTH/2019/8/PDS/10-2017/92282/C-1
(૩) આ વિભાગના તા.૧૮/૯/૧૭ ના જાહેરનામા ક્રમાંક : GTH/2017/23/PDS/10-2016/2572/C-1
(૪) ગુજરાત રાજય અન્ન આયોગની તા.૩/૮/૧૯ ની દરખાસ્ત ક્રમાંક : મકમ/૧૦૨૦૧૯/૧૪૦૫/ગુરાઅઆ
(૫) પગાર અને હિસાબની કચેરી, ગાંધીનગરના તા. ૪/૯/૨૦૧૯ નો પત્રાંક : પહિક/ગાંધી/સરેશા/આઇ.એ.એસ./૯૩૫
(૬) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરીનું તા.૩૧/૦૭/૨૦૧૯ નું છેલ્લા પગારનું પ્રમાણપત્ર
(૭) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૧/૧૨/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક : AIS-10.2009-224971-G

<u>હુકમ :-</u>

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ ની કલમ-૧૬ અન્વયે સંદર્ભ (૧) માં દર્શાવેલ વિભાગના તા.૨૧/૩/૧૭ ના જાહેરનામાથી ગુજરાત રાજય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે. સંદર્ભ (૨) માં દર્શાવેલ વિભાગના તા.૨૯/૦૭/૧૯ ના જાહેરનામાથી શ્રી અમૃત પટેલ, I.A.S. (નિવૃત્ત) ની ગુજરાત રાજય અન્ન આયોગના અધ્યક્ષશ્રી તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

૨. ઉકત સંદર્ભ (૩) માં દર્શાવેલ વિભાગના તા.૧૮/૯/૧૭ ના જાહેરનામાથી ગુજરાત રાજય અન્ન આયોગના અધ્યક્ષશ્રી, સભ્ય સચિવશ્રી અને સભ્યશ્રીઓની નિમણૂંક, પગારભથ્થા તથા સેવાની શરતો નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે આ વિભાગના તા.૧૮/૯/૧૭ ના જાહેરનામાના ક્રમ 4(1) (a) (iii) મુજબ આયોગના અધ્યક્ષશ્રી સરકારી સેવામાંથી નિવૃત્ત થયેલ હોય તો તેઓને પગાર ભથ્થા પેટે "પે માઇનસ પેન્શન" આપવાનું ઠરાવવામાં આવેલ છે.

૩. ગુજરાત રાજય અન્ન આયોગ, ગાંધીનગરના અધ્યક્ષશ્રી અમૃત પટેલને સામાન્ય વહીવટ વિભાગની નીચે દર્શાવેલ શરતને આધીન હાલ છઠ્ઠા પગારપંચ મુજબ માસિક વેતન પેટે

"પે માઇનસ પેન્શન" ના ધોરણે ચુકવણી કરવા નીચે ફકરા (૪) માં જણાવેલ શરતે પત્રકમાં જણાવ્યા મુજબની પગાર બાંધણીની આથી મંજુરી આપવામાં આવે છે.

૪.

| ક્રમ | વિગત | રકમ (રૂપિયા) |
|---|---|---|
| ૧ | છેલ્લો પગાર<br>(રૂ. ૪૪૭૭૦.00 (પે બેન્ડ) + રૂ.૮૭૦૦.00 (ગ્રેડ પે) | ૫૩૪૭૦.૦૦ |
| ૨ | મોંઘવારી ભથ્થુ (છઠ્ઠા પગારપંચ મુજબ ૧૫૪%) | ૮૨૩૪૪.૦૦ |
| ૩ | સ્થાનિક વળતર ભથ્થુ (CLA) | ૨૪૦.૦૦ |
| ૫ | કુલ પગાર | ૧૩૬૦૫૪.૦૦ |
| ૬ | (-) પેન્શન (રૂ.૫૩૪૭૦.૦૦ના ૫૦% મુજબ પેન્શન ગણતા) | ૨૬૭૩૫.૦૦ |
| ૭ | ચુકવવાપાત્ર પગાર (પે માઇનસ પેન્શન) | ૧૦૯૩૧૯.૦૦ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગની તા.૨૧/૦૯/૨૦૧૯ ની અને નાણા વિભાગની તા.૨૨/૦૯/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કિશોરકુમાર એસ. રાણા)
ઉપ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર

(૨) સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય અન્ન આયોગ, અન્ન ભવન, ટાઉનહોલની બાજુમાં, સેકટર-૧૭, ગાંધીનગર

(૩) નાણાં વિભાગ, ઝ-શાખા/ક-શાખા સચિવાલય,ગાંધીનગર

(૪) નાણાંકીય સલાહકારશ્રી,અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, બ્લોક નં-૫, ત્રીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૫) એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઈ) ગુજરાત રાજય,રાજકોટ

(૬) એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજય,રાજકોટ

(૭) એકાઉન્ટન્ટ જનરલ-૨ (ઓડીટ) ગુજરાત રાજય,રાજકોટ

(૮) નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, બ્લોક નં.૧૭, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૯) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, બ્લોક નં.૧૮, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર